# નવી મતદાર યાદીમાં 8.11 લાખ મતદારો ઘટ્યા

**અનેક** વોર્ડમાં મતદારો ઘટવાની સાથે બુથની સંખ્યામાં પણ મોટો ઘટાડો

**મતદારોની** ઉલટપલટને કારણે અનેક બેઠકોનાં રાજકીય સમીકરણો બદલાઇ જશે

સુરતઃ સુરત મહાનગરપાલિકા દ્વારા વર્ષ 2026ની નવી પ્રાથમિક મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવી છે. વર્ષ 2021ની સરખામણીએ વર્ષ 2026માં શહેરના તમામ 30 વોર્ડમાં મતદારોની સંખ્યામાં નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યો છે. 2021માં કુલ મતદારોની સંખ્યા 32,88,173 હતી, જે 2026માં ઘટીને 24,76,378 પર પહોંચી છે. જોકે, વ્યક્તિગત વોર્ડના વિશ્લેષણ મુજબ અમરોલી, વરાછા અને ભટાર જેવા વિસ્તારોમાં મતદારોના આંકમાં મોટા ફેરફાર થયા છે. નવી યાદી મુજબ, 8.11 લાખ મતદારો ઘટી જતાં મતદાન મથકોની સંખ્યામાં પણ મોટો ઘટાડો થયો છે. આ સાથે ઘણી બેઠકોના સમીકરણો બદલાઈ જશે.

| વોર્ડ નં. | વોર્ડનું નામ | કુલ મતદારો (2026) | નવા બુથ (2026) | કુલ મતદારો (2021) | બુથ (2021) |
|---|---|---|---|---|---|
| 1 | જહાંગીરપુરા-કોસાડ | 96,448 | 101 | 1,26,537 | 119 |
| 2 | અમરોલી-મોટા વરાછા | 1,56,049 | 161 | 1,73,517 | 165 |
| 3 | વરાછા-લસકાણા | 1,37,187 | 144 | 1,60,868 | 135 |
| 4 | કાપોદ્રા | 58,524 | 60 | 96,632 | 91 |
| 5 | ફુલપાડા-અશ્વિનીકુમાર | 58,464 | 63 | 91,929 | 93 |
| 6 | કતારગામ | 78,555 | 84 | 1,11,017 | 110 |
| 7 | કતારગામ-વેડ | 83,104 | 89 | 1,04,084 | 95 |
| 8 | ડભોલી-સીંગણપોર | 97,107 | 99 | 1,21,661 | 115 |
| 9 | રાંદેર-પાલનપુર | 99,956 | 108 | 1,07,757 | 101 |
| 10 | અડાજણ-પાલ | 1,07,926 | 114 | 1,18,088 | 116 |
| 11 | અડાજણ-ગોરાટ | 82,352 | 88 | 99,278 | 98 |
| 12 | નાણાંવટ-સૈયદપુરા | 85,382 | 87 | 1,09,440 | 109 |
| 13 | વાડીફળિયા-સલાબાતપુરા | 96,581 | 100 | 1,21,058 | 119 |
| 14 | ઉમરવાડા-માતાવાડી | 60,607 | 65 | 99,455 | 95 |
| 15 | કરંજ-મગોબ | 48,411 | 49 | 84,650 | 84 |
| 16 | પુણા (પશ્ચિમ) | 60,368 | 61 | 1,01,771 | 104 |
| 17 | પુણા (પૂર્વ) | 90,434 | 88 | 1,23,224 | 124 |
| 18 | લિંબાયત-કુંભારીયા | 67,622 | 76 | 96,335 | 91 |
| 19 | આંજણા-ડુંભાલ | 74,560 | 80 | 1,01,729 | 98 |
| 20 | ખટોદરા-મજુરા | 82,506 | 83 | 1,12,690 | 110 |
| 21 | સોનીફળિયા-પીપલોદ | 94,088 | 94 | 1,21,480 | 123 |
| 22 | ભટાર-વેસુ-ડુમસ | 1,11,055 | 113 | 1,18,516 | 111 |
| 23 | બમરોલી-ઉધના | 54,265 | 55 | 85,750 | 85 |
| 24 | ઉધના (દક્ષિણ) | 64,535 | 66 | 98,843 | 98 |
| 25 | લિંબાયત-ઉધના યાર્ડ | 62,077 | 68 | 88,855 | 90 |
| 26 | ગોડાદરા-ડીંડોલી | 70,214 | 75 | 1,00,162 | 100 |
| 27 | ડીંડોલી (દક્ષિણ) | 79,595 | 89 | 1,00,126 | 92 |
| 28 | પાંડેસરા-ભેસ્તાન | 67,751 | 69 | 1,06,147 | 99 |
| 29 | અલથાણ-વડોદ | 63,681 | 67 | 1,01,123 | 94 |
| 30 | કનસાડ-સચિન | 86,974 | 91 | 1,05,451 | 103 |
| | **કુલ** | **24,76,378** | **2587** | **32,88,173** | **3185** |

## વોર્ડ નં.2 સૌથી મોટો, 15 સૌથી નાનો વોર્ડ, આપના ગઢ કાપોદ્રા અને પુણામાં મોટો ઘટાડો

નવી યાદી મુજબ વોર્ડ નં. 2 અમરોલી-મોટા વરાછા 1,56,049 મતદારો સાથે શહેરનો સૌથી મોટો વોર્ડ બન્યો છે, જ્યારે વોર્ડ નં. 15 કરંજ-મગોબ માત્ર 48,411 મતદારો સાથે સૌથી નાનો વોર્ડ રહ્યો છે. બુથ ફાળવણીમાં પણ અમરોલી આગળ રહ્યું છે, જ્યાં 161 બુથ છે, જ્યારે કરંજ-મગોબમાં માત્ર 49 બુથ રાખવામાં આવ્યા છે. વોર્ડ નં. 4 કાપોદ્રામાં સૌથી વધુ ઘટાડો નોંધાયો છે, જ્યાં 2021માં 96,632 મતદારો હતા, જે હવે ઘટીને 58,524 રહ્યા છે. તે જ રીતે વોર્ડ નં. 16 પુણા પશ્ચિમ અને વોર્ડ નં. 15 કરંજ-મગોબમાં પણ નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે.

## બુથ સંખ્યામાં પણ મોટો કાપ મુકાઈ ગયો

મતદારોની સંખ્યા ઘટતા બુથોની સંખ્યામાં પણ ઘટાડો કરવામાં આવ્યો છે. 2021માં શહેરમાં કુલ 3,185 બુથ હતા, જે 2026માં ઘટીને 2,587 થયા છે. ખાસ કરીને કરંજ-મગોબ વોર્ડમાં 84થી ઘટીને માત્ર 49 બુથ રાખવામાં આવ્યા છે. અડાજણ, પાલ, વેસુ અને મોટા વરાછા જેવા વિકસતા રહેણાંક વિસ્તારોમાં હજુ પણ મતદારોની સંખ્યા ઊંચી જોવા મળે છે. આ વિસ્તારો આગામી ચૂંટણીમાં નિર્ણાયક ભૂમિકા ભજવશે તે સ્પષ્ટ છે.

## વોર્ડ વાઈઝ તુલનાત્મક વિશ્લેષણ (2021- 2026)

» વોર્ડ નં. 2 (અમરોલી-મોટા વરાછા): અહીં સૌથી વધુ મતદારો નોંધાયા છે. 2021માં 1,73,517 મતદારો હતા જે ઘટીને 1,56,049 થયા છે. 2026માં નવા બુથ અને વિસ્તરણ સાથે સંખ્યામાં મોટો ફેરફાર થયો છે

» વોર્ડ નં. 3 (વરાછા-સરથાણા): આ વોર્ડમાં 2021માં 1,60,868 મતદારો હતા, જે 2026માં 1,37,187 દર્શાવે છે (સીમાંકન મુજબ ફેરફાર શક્ય છે)

» વોર્ડ નં. 22 (ભટાર-વેસુ-ડુમસ): પોશ ગણાતા આ વિસ્તારમાં 2021માં 1,18,516 મતદારો હતા, જે 2026માં 1,11,055 નોંધાયા છે.

» વોર્ડ નં. 10 (અડાજણ-પાલ): 2021માં 1,18,088 ની સામે 2026માં 1,07,926 મતદારો નોંધાયા છે.

# સરકારી નોકરીના નામે લાખો ખંખેરનાર ઠગબાજ પકડાયો

**છેલ્લા** ઘણા સમયથી પોલીસને હાથતાળી આપતો હતો અશ્વિન પાડવી

સુરત : બેરોજગાર યુવાનોને સરકારી નોકરીનું સપનું બતાવી લાખની ઠગાઈના સચિન પોલીસમાં નોંધાયેલા ગુનામાં ફરાર આરોપી અશ્વિન પાડવીને ઝડપી પાડવા માટે પોલીસે છેક મહારાષ્ટ્રની સરહદ સુધી પીછો કરી સફળતા મેળવી છે.

ઘટનાની વિગતો મુજબ, આરોપી સરકારી નોકરી અપાવવાના બહાને લોકો પાસેથી નાણાં ખંખેરી ફરાર થઈ ગયો હતો. ઝોન-6ના ડીસીપી રાજેશ પરમારની સૂચના હેઠળ LCBની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, આરોપી મહારાષ્ટ્રના નંદુરબાર જિલ્લાના અક્કલકુવા તાલુકાના તલંબા ગામહારાષ્ટ્રના આ અત્યંત અંતરિયાળ વિસ્તારમાં પોલીસે પોતાની ઓળખ છુપાવી સતત ૩ દિવસ સુધી રેકી કરી હતી. આરોપી અશ્વિન સતત લોકેશન બદલી રહ્યો હતો. પોલીસને બાતમી મળી હતી કે તે ગુજરાત-મહારાષ્ટ્ર બોર્ડર ઓળંગી તાપી જિલ્લાના કુકરમુંડા વિસ્તારમાં આવવાનો છે. પોલીસે તાપીના મટાવલ બસ સ્ટેન્ડ પાસે વોચ ગોઠવી દીધી હતી. જેવો અશ્વિન ત્યાં પહોંચ્યો કે તરત તેને ઘેરીને દબોચી લીધો હતો.

## કોર્ટે વોરંટ જારી કર્યું હતું

ઝડપાયેલો આરોપી અશ્વિન પાડવી ગુનો આચર્યા બાદથી જ ભૂગર્ભમાં ઉતરી ગયો હતો. સચિન પોલીસે અગાઉ તેની સામે પુરાવા એકત્ર કર્યા હતા અને કોર્ટ દ્વારા તેની ધરપકડ માટે વોરંટ પણ જારી કરવામાં આવ્યું હતું. પોલીસની આ સફળતાથી સરકારી નોકરીના નામે છેતરપિંડી કરતા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે. હાલ પોલીસે આરોપીનો કબજો મેળવી તેની સાથે અન્ય કોઈ શખ્સો સંડોવાયેલા છે કે કેમ તે દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

## ગઠિયા અશ્વિને મોટી ઓળખાણ હોવાનું કહી લાખો ખંખેર્યા

ઝડપાયેલા ઠગબાજ અશ્વિન પાડવીની મોડસ ઓપરેન્ડી કોઈ ફિલ્મી પટકથાથી કમ નથી. આરોપી પોતે ખૂબ જ વગદાર અને ઉચ્ચ સરકારી અધિકારીઓ સાથે ઘરોબો ધરાવતો હોવાનો દેખાડો કરતો હતો. ભોગ બનનારને વિશ્વાસમાં લેવા તે પોતાની ખોટી ઓળખ આપતો અને સરકારી વિભાગોમાં 'ચપટી વગાડતા' નોકરી અપાવી દેવાની લાલચ આપતો હતો. આ માયાજાળમાં ફસાવી તેણે ટુકડે-ટુકડે રૂપિયા ૪ લાખ પડાવી લીધા હતા. જોકે, લાંબો સમય વીતવા છતાં નોકરી ન મળતા અને અશ્વિન માત્ર વાયદાના વહાણ ચલાવતો હોવાનું જણાતા ભોગ બનનારને છેતરપિંડીનો અહેસાસ થયો હતો. અંતે સચિન પોલીસમાં ફરિયાદ થતા જ 'મોટી વગ' ધરાવતો હોવાનો દાવો કરનાર ઠગબાજ ભૂગર્ભમાં ઉતરી ગયો હતો.હાલ પોલીસે તેને જેલના સળિયા ગણતો કરી દીધો છે.

# ટ્રેડિંગના નામે વૃદ્ધ પાસેથી ૧૬ લાખ પડાવ્યા, એક હૈદરાબાદથી ઝડપાયો

**અલથાણના** વૃદ્ધને 'Gold Mine'માં ઊંચા નફાની લાલચ આપી સાયબર ઠગોએ ફસાવ્યા હતા

**એપના** વોલેટમાં નકલી પ્રોફિટ બતાવ્યો, વિડ્રોઅલનું કહેતા જ વધુ રકમ માંગી

સુરતઃ અલથાણ વી.આઇ.પી. રોડ પર રહેતા એક વૃદ્ધને ગોલ્ડ માઈન ટ્રેડિંગમાં લાખોના નફાની લાલચ આપી રૂ. ૧૬ લાખની છેતરપિંડી આચરનાર આરોપીને પોલીસે હૈદરાબાદથી ઝડપી પાડ્યો છે.

અલથાણ વી.આઇ.પી. રોડ શ્યામ વિલામાં રહેતા વિકેન પટેલના પિતા રમેશકુમાર પટેલને ગઠિયાઓએ વોટ્સએપ પર સંપર્ક કરી 'Gold Mine' ટ્રેડિંગમાં રોકાણ કરવાથી ટૂંકા ગાળામાં મોટો નફો મળશે તેવી લોભામણી વાતો કરી હતી. એક બનાવટી વેબસાઇટની લિંક મોકલી તેમાં રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. ત્યારબાદ BSGC નામની એપ્લિકેશન ડાઉનલોડ કરાવી કુલ રૂ. ૧૬,૦૦,૦૦૦ ટ્રાન્સફર કરાવ્યા હતા. આરોપી તન્વી શર્માના જણાવ્યા મુજબ ફરિયાદીના પિતા USDT (ક્રિપ્ટોકરન્સી) બાય-સેલ કરતા હતા.

એપ્લિકેશનના વોલેટમાં તેઓને પ્રોફિટ સાથેના USDT બતાવવામાં આવતા હતા, જેથી ફરિયાદીને ખરેખર નફો થઈ રહ્યો હોવાનો વિશ્વાસ બેઠો હતો. જોકે, જ્યારે રમેશકુમારે પોતાના રૂપિયા વિડ્રો (ઉપાડવાની) કરવાની ઈચ્છા વ્યક્ત કરી, ત્યારે ઠગબાજોએ વિડ્રોઅલ ચાર્જ અને ટેક્સના નામે વધુ લાખો રૂપિયાની માંગણી કરી હતી. અંતે રૂપિયા પાછા ન મળતા છેતરપિંડી થઈ હોવાનું જણાતા ૨૦ માર્ચના રોજ સાયબર ક્રાઈમ પોલીસમથકે ફરિયાદ નોંધાઈ હતી. પીએસઆઈ કે.કે. આસોદરિયાની ટીમ તાત્કાલિક હૈદરાબાદ રવાના થઈ હતી અને ત્યાંથી મુખ્ય સૂત્રધાર પૈકીના એક આરોપીને દબોચી સુરત લઈ આવી છે.

## કમિશન પર બેંક ખાતું ઠગોને આપ્યું હતું

એડિશનલ સીપી ડો. કરણરાજ વાઘેલાએ જણાવ્યું હતું કે આરોપી જીવનરશ્મિ કૃષ્ણચંદ્ર રાઉત (ઉં.વ. 46, એમ.બી.એ., બાંધકામ વ્યવસાયી, હાલ નેકનામપુર-નારસિંગી, રંગારેડી, હૈદરાબાદ, મૂળ ઓડિશા) ગુનામાં મુખ્ય રીતે બેંક ખાતું પ્રદાન કરનાર તરીકે સામે આવ્યો છે. તપાસમાં બહાર આવ્યું છે કે આરોપીના ICICI બેંકના કરંટ એકાઉન્ટમાં ફરીયાદીના પિતાએ રૂ. 15 લાખ ટ્રાન્સફર કર્યા હતા. આરોપીએ કમિશનના લાલચે પોતાનું એકાઉન્ટ નાસતા ફરતા ઠગોને ઉપયોગ માટે આપ્યું હતું.

## તમિલનાડુ, મહારાષ્ટ્ર, કર્ણાટક, હરિયાણામાંથી 2.75 કરોડ પણ પડાવ્યા

આ એકાઉન્ટમાં કુલ રૂ. 4.75 કરોડથી વધુના ટ્રાન્જેક્શન થયા હોવાનું સામે આવ્યું છે. વધુમાં, આ જ ખાતા સામે નેશનલ સાયબર ક્રાઇમ પોર્ટલ પર તમિલનાડુ, હરિયાણા, કર્ણાટક અને મહારાષ્ટ્ર સહિત વિવિધ રાજ્યોમાં કુલ 5 ફરિયાદો નોંધાઈ છે, જેમાં અંદાજે રૂ. 2.75 કરોડની છેતરપિંડી થયાની હકીકત બહાર આવી છે.

# તુષાર ઘેલાણી કેસમાં પૂનમ ભદોરિયાની ક્વોશિંગ નામંજૂર

**પૂનમની** બહેન પ્રિયાએ કરેલી પિટિશન પણ પરત ખેંચી

સુરતઃ બિલ્ડર તુષાર ઘેલાણી આત્મહત્યાની દુષ્પ્રેરણા કેસમાં સ્ત્રીમિત્ર પૂનમ ભદોરિયા હાલ જેલમાં છે. આરોપી પૂનમ ભાદોરીયાએ તેની સામેની ફરિયાદ રદ કરવા માટે હાઈકોર્ટમાં ક્વોશીંગ પીટીશન દાખલ કરી હતી. જેની ગુજરાત હાઈકોર્ટમાં સુનાવણી થતાં મૂળ ફરિયાદી તન્વીબેન તુષારભાઈ ઘેલાણી તરફે પીટીશનનો વિરોધ કરતું સોગંદનામું રજૂ કરવામાં આવ્યું હતું.ફરીયાદપક્ષે એડવોકેટ રાહુલભાઈ ધોળકિયા તથા સીનિયર કાઉન્સિલર જાલુનવાલા તથા સુરત ખાતે એડવોકેટ કલ્પેશ એસ. દેસાઈ તથા એડવોકેટ હેમલ એમ. ભગતે કામગીરી કરી હતી. આ ઉપરાંત પુનમની બહેન પ્રિયાએ પણ પોલીસ પોતાને આરોપી બનાવી દેશે તેવા ડરથી હાઈકોર્ટમાં ક્વોશિંગ પિટિશન કરી હતી પરંતુ બાદમાં તે પરત ખેંચી લીધી હતી.

# જિલાની બ્રિજ પર આખરે ગ્રીલ લગાવવામાં આવી

**ઉત્તરાયણે** બ્રિજ પરથી પટકાતાં ત્રણનાં મોત થયાં હતાં



સુરતઃ સુરતના સતત ટ્રાફિકથી ધમધમતા જિલાની બ્રિજ પર સુરત મહાનગરપાલિકા દ્વારા આખરે લોખંડની મજબૂત અને ઊંચી સુરક્ષા ગ્રીલ લગાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, ગત 14 જાન્યુઆરી ઉત્તરાયણના દિવસે આ બ્રિજ પર એક હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો હતો, જેમાં પ્રતિબંધિત ચાઈનીઝ દોરી ગળામાં આવી જવાથી બાઈક સવારે કાબૂ ગુમાવ્યો હતો અને એક જ પરિવારના ત્રણ સભ્ય બ્રિજ પરથી સીધા નીચે પટકાતાં તેમનાં મોત નીપજ્યાં હતાં. આ ઘટનાએ સમગ્ર સુરતને હચમચાવી દીધું હતું અને બ્રિજની સુરક્ષા વ્યવસ્થા તેમજ ડિઝાઈન સામે ગંભીર સવાલો ઊભા કર્યા હતા.

# પુત્રના હિતમાં દંપતી સાથે રહેવાં તૈયાર થયાં

સુરતઃ કતારગામ વિસ્તારનું એક દંપતિ ઘરકંકાસને કારણે અલગ રહેતું હતું. જેમાં દીકરો પિતા પાસે રહેતો હતો. પિતાએ બાળકના વાલી નિમવા બાબતે તા.૧૭-૧૦-૨૦૨૫ના રોજ ફેમિલી કોર્ટમાં ગાર્ડિયન એન્ડ વોર્ડ્ઝ એક્ટની કલમ ૭,૧૦ અને ૨૫ હેઠળ અરજી કરી હતી. ફેમિલી કોર્ટ દ્વારા આ કેસ મીડીએશન સેન્ટરમાં રિફર કરાયો હતો. જ્યાં બંને પક્ષને મીડિયેટર વકીલ દર્શના પટેલે સમજાવતાં બાળકનાં હિતમાં આ દંપતિ સાથે રહેવા તૈયાર થયા હતા.

**જહેમત** UCC માટેની કમિટીમાં સમાવાયેલા સુરતના બે સભ્યોએ લાંબો અભ્યાસ કરીને રિપોર્ટ તૈયાર કર્યો હતો

# અનેક પડકાર પછી UCCનો અભિપ્રાય તૈયાર થયો

**કાયદાને** કેન્દ્રમાં રાખીને અભિપ્રાય બાંધવો એ સૌથી મોટી ચેલેન્જ હતી : વીર કવિ નર્મદ યુનિ.ના પૂર્વ કુલપતિ ડો. દક્ષેશ ઠાકર

સુરત : ઉત્તરાખંડ પછી UCCનું વિધેયક લાવનાર ગુજરાત દેશનું બીજું રાજ્ય બન્યું છે. જો કે, આ વિધેયક લાવતા પહેલા રાજ્ય સરકારે દરેક પાસાનો સમાવેશ થાય અને કોઈને અન્યાય નહીં થાય તે માટે એક કમિટિ બનાવી હતી. જેમના અભિપ્રાય પછી અને લાંબા અભ્યાસ બાદ આ વિધેયક આજે મંગળવારે વિધાનસભાના રજૂ કરવામાં આવ્યું હતું.

આ કમિટીમાં સુરતના બે સભ્ય હતાં. જેમાં દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ ડો. દક્ષેશ ઠાકરનો પણ સમાવેશ થતો હતો. આ અભિપ્રાય બાંધવામાં તેમણે કેવા પ્રકારનો સામનો કરવા પડ્યો હતો.

## દરેક સમાજના લોકોની લાગણીને ધ્યાનમાં રાખીને અભિપ્રાય તૈયાર કરવાની ચેલેન્જ હતી : ગીતા શ્રોફ

આ વિધેયક માટેનો અભિપ્રાય તૈયાર કરનાર સમિતિના એક સભ્ય ગીતાબેન શ્રોફે કહ્યું હતું કે, પ્રોટોકોલના કારણે વિધેયક પસાર નહીં થાય ત્યાં સુધી હું કંઇ કહી શકુ તેમ નથી પરંતુ અભિપ્રાય તૈયાર કરવા માટે હિન્દુ, મુસ્લિમ, શીખ, ખ્રિસ્તી, પારસી અને બૌદ્ધ સહિતના અગ્રણીઓ અને ધર્મગુરુઓને મળીને અભિપ્રાય તૈયાર કરવાનો હતો. જેથી દરેકની લાગણીને ધ્યાનમાં રાખવી જરુરી હતી. જો કે, અગાઉ કાયદાની છટકબારીના કારણે મહિલાઓને થતાં નુકસાન અંગે તેમને સમજાવવાની બાબત થોડી અઘરી હતી. પરંતુ અમે સમગ્ર ગુજરાતના લોકોને મળીને અભિપ્રાય તૈયાર કર્યો છે.

## આ પડકારનો સામનો કરવો પડ્યો

(1) અભિપ્રાય માટે આખા ગુજરાતનો સરવે કરવામાં હતો. ગુજરાતના દરેક ધર્મ, દરેક સમાજ સાથે વાત કરવાની હતી. દરેક જિલ્લામાં જઇને દરેક વ્યક્તિને રુબરુ બોલાવી તેમને મળવું પડ્યું હતું. આ ઉપરાંત મૌલવી, સાધુ-સંતો, પાદરીઓ સહિતના ધર્મગુરુને મળીને તેમની લાગણી સમજવી એ ખૂબ જ અઘરુ કામ હતું. (2) આ કવાયત દરમિયાન સાધુ-સંતો, મૌલવી-મૌલાના, પાદરી કે પછી અન્ય સમાજના ધાર્મિક ગુરુ સાથે વાત કરવી પડે તેમ હતી. આ વાત માત્ર સામાન્ય ન હતી. દરેક મુદ્દાની વિસ્તૃત છણાવટ કરવી પડતી હતી. ચોક્કસ મુદ્દા પર કાઉન્ટર-એન્કાઉન્ટર પણ કરવું પડ્યું હતું. જેમાં કોઇની પણ ધાર્મિક લાગણી નહીં દુભાઇ તે રીતે પ્રશ્ન, ઉત્તર અને ડિબેટ કરવાની હતી. દરેકની લાગણીને ઠેસ નહીં પહોંચે તે મુખ્ય પડકાર હતો. (3) મહત્વનો પડકાર એ હતો કે તમામને મળ્યા પછી કાયદાને કેન્દ્રમાં રાખીને અભિપ્રાય બાંધવાનો હતો.

# સંક્ષિપ્ત સમાચાર

## જી.ડી. ગોએન્કા સ્કૂલ દ્વારા ધો.1થી 4ના વિદ્યાર્થીઓ માટે નાઈટ આઉટ યોજાયો



સુરતઃ જી. ડી. ગોયંકા ઇન્ટરનેશનલ સ્કૂલ, સુરત દ્વારા ધો.1થી 4ના વિદ્યાર્થીઓ માટે યોજાયેલા "સ્પ્લેશ એન્ડ સ્પાર્કલ કાર્નિવલ" નાઇટ આઉટમાં આનંદમય અનુભવની ઉજવણી કરી હતી. નાઇટ આઉટમાં સાંજની શરૂઆત મૂવી શો, ઇન્ટરેક્ટિવ સ્ટોરી ટેલિંગ સત્ર, મજેદાર રમતો અને ઉર્જાભર્યા નૃત્ય કાર્યક્રમોથી થઈ હતી. મુખ્ય આકર્ષણ બહુપ્રતીક્ષિત બબલ શો રહ્યું, ત્યારબાદ ડાન્સ પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. બીજા દિવસની સવાર તાજગીભર્યા અને આનંદમય પાણીની રમતો સાથે થઈ હતી. ત્યારબાદ ટેક-અવે કિચન બનાવવાની સર્જનાત્મક પ્રવૃત્તિ યોજાઈ હતી. દરેક વિદ્યાર્થીને વિવિધ રસપ્રદ અને જ્ઞાનવર્ધક પ્રવૃત્તિઓથી ભરેલી એક પ્રવૃત્તિ પુસ્તિકા આપવામાં આવી હતી. સમગ્ર આયોજન સ્કૂલના મુખ્ય માર્ગદર્શક મનહરભાઈ કાકડિયા, ઇન્ચાર્જ-પ્રિન્સિપાલ શ્રીમતી હેતલ તમાકુવાલા, વિભાગ સંયોજક ડો. શિલ્પા સૂર્યા તથા સહ-સંયોજક અને વિભાગ પ્રવૃત્તિ ઇન્ચાર્જ સાનિયા શેખના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક સંપન્ન થયું હતું.

## ધી સૂરત પીપલ્સ કો-ઓપરેટિવ બેંકની ન્યૂ ગૌરવપથ રોડની શાખાનું ઉદઘાટન



સુરતઃ ગુજરાતની અગ્રણી મલ્ટિ સ્ટેટ શિડ્યુલ્ડ કો-ઓપરેટિવ બેંક ધી સૂરત પીપલ્સ કો-ઓપરેટિવ બેંક લિ. દ્વારા ન્યૂ ગૌરવપથ રોડ, સુરત ખાતે તેની 33મી શાખાનું ઉદ્ઘાટન તા. 23 માર્ચના રોજ મુખ્ય મહેમાન ભીખાભાઈ માલણકીયા દ્વારા કરવામાં આવ્યું હતું. વિશેષ આમંત્રિત તરીકે શ્રીમતી કલ્પના શાહે પોતાના આશીર્વચન આપ્યા હતા. નવી શાખામાં ATM, BNA (કેશ ડિપોઝિટ મશીન), લોકર સુવિધા તેમજ આધુનિક બેન્કિંગ સેવાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. પ્રમુખ અમિત ગજ્જર, ઉપપ્રમુખ જસ્મીન મહેતા અને મેનેજિંગ ડિરેક્ટર કલ્પેશ શાહએ બેંકના વિસ્તરણ અને ગ્રાહક કેન્દ્રિત સેવાઓને વધુ મજબૂત બનાવવાના સંકલ્પની વ્યક્તતા કરી હતી.

## પંચમ્ ગ્રુપ દ્વારા કલ્યાણજી આણંદજીના ગીતોનો કાર્યક્રમ યોજાયો



સુરતઃ 'ગા મેરે મન ગા' શ્રેણી અંતર્ગત પંચમ ગ્રુપ દ્વારા સંગીતકાર આણંદજીની ૯૩મી જન્મ જયંતિ નિમિત્તે ૩૬૪મો સંગીતકાર કલ્યાણજી આણંદજીના ગીતોનો જાહેર કાર્યક્રમ ૨૨મી માર્ચના રવિવારે સ્વરાંગન સ્ટુડિયો, પાલ સુરત ખાતે યોજાયો હતો. જેમાં રિદ્ધિશકુમાર, કેતન દેસાઈ, મિનેશ જૈન, અનિલ દલાલ, નૈષધ શુક્લા, જય વ્યાસ, રીમા શર્મા, સંગીતા જૈન, હરેશ ભટ્ટી, આશિષ દારૂવાલા, નીના ચિંચગર, જેનિસ સોપારીવાળા, જસ્સી પટેલ, ભાવના પટેલ, ગાર્ગી કાપડીયા, શીતલ વકિલવાળા અને વૈશાલી ફાટકે ગીતો રજૂ કર્યા હતા. સંચાલન જય વ્યાસે કર્યું હતું.

## દેસાઈ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા સંસ્થાની સિદ્ધિની ઉજવણી



સુરતઃ દેસાઈ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા સુરત મેરિયોટ હોટલ ખાતે સંસ્થાની અત્યાર સુધીની સફર, સામુદાયિક ભાગીદારી અને ભારતના ૮ રાજ્યોમાં ૧.૨ કરોડથી વધુ લોકો સુધી પહોંચવાના મહત્વપૂર્ણ સીમાચિહ્નની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન આરોગ્ય, આજીવિકા અને માસિક ધર્મ સમાનતા ક્ષેત્રે કરવામાં આવેલા કાર્યો અને સમુદાય સંચાલિત લાંબા ગાળાના પરિવર્તન પ્રત્યેની પ્રતિબદ્ધતાને દર્શાવવામાં આવી હતી. સભાને સંબોધતા મેઘા દેસાઈ (પ્રમુખ), મિત્તલ ગોહિલ (એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર) અને મનોજ પાંડા (ડેવલપમેન્ટ ડાયરેક્ટર)એ ફાઉન્ડેશનની વૃદ્ધિ અને વિઝન વિશે માહિતી આપી હતી.

## માણસ આજે પર્યાવરણનો ખાત્મો બોલાવી રહ્યો છેઃ જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી



મુંબઈઃ મુંબઈ મલાડ (પૂર્વ) જીતેન્દ્રરોડ સ્થિત શ્રી લબ્ધિનિધાન શાંતિનાથ શ્વે. મૂ. પૂ. જૈન સંઘમાં જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજની પાવન નિશ્રામાં ધર્મસભાનું આયોજન થયું હતું. આ પાવન અવસરે આચાર્યપ્રવર પદ્મદર્શનસૂરિજી મહારાજે જણાવ્યું હતું કે, પ્રકૃતિની સામે પડેલો માણસ વિકૃતિના વાવાઝોડામાં ફસાય છે. પ્રકૃતિ એટલે કુદરત. જે પ્રકૃતિ સમગ્ર વિશ્વની સુરક્ષા કરી રહી છે એ પ્રકૃતિની સામે બળવો કરવો એ મોટો અપરાધ છે. વન્ય પશુ-પંખી કુદરતના ખોળે ઉછરે છે. તેઓ કોઈને ક્યારેય નુકસાન કરતા નથી. માણસ આજે પર્યાવરણનો ખાત્મો બોલાવી રહ્યો છે. જલ, જમીન, જંગલ અને જનાવરોની હાલત અત્યંત દયનીય છે. ધરતી બધું સહન કરે છે પણ કૃતઘ્નીઓ જ્યારે બેફામ બને છે ત્યારે કુદરતી પ્રકોપ કોઈને છોડશે નહીં. પ્રકૃતિનું સન્માન જળવાવું જોઈએ.

## દ.ગુ.ની પ્રથમ 'ગ્રીનફિલ્ડ કો-એડ' SRK સૈનિક સ્કૂલ જૂન-2026માં શરૂ થશે

સુરત : સુરત પાસેના ઉભરાટ ખાતે દક્ષિણ ગુજરાતની પ્રથમ ગ્રીનફિલ્ડ, સહ-શિક્ષણ (કો-એડ) નિવાસી સૈનિક સ્કૂલ આ જૂન મહિનાથી શરૂ થવા જઈ રહી છે. ઉદ્યોગપતિ, રાજ્યસભાના સાંસદ ગોવિંદભાઈ ધોળકિયાના નેતૃત્વ હેઠળ સ્થાપિત, SRK સૈનિક સ્કૂલ ભારત સરકારની પબ્લિક-પ્રાઇવેટ પાર્ટનરશિપ (PPP) નીતિ હેઠળ રક્ષામંત્રાલય (MoD) ની સૈનિક સ્કૂલ સોસાયટી સાથે ઔપચારિક જોડાણ ધરાવે છે. 21 એકરમાં ફેલાયેલા વિશાળ અને આધુનિક કેમ્પસમાં નિર્મિત આ શાળા પરંપરાગત શિક્ષણથી આગળ વધીને 'CBSE પ્લસ' અભ્યાસક્રમ પ્રદાન કરશે. શાળા જૂન 2026ના પ્રથમ સપ્તાહથી કાર્યરત થશે. ધોરણ 6 માટેની પ્રથમ બેચમાં 120 કેડેટ્સનો સમાવેશ થશે, જેમાં 100 છોકરાઓ અને 20 છોકરીઓ હશે. તેમની પસંદગી ઓલ ઇન્ડિયા સૈનિક સ્કૂલ એન્ટ્રન્સ એક્ઝામિનેશન (AISSEE) દ્વારા કરવામાં આવી છે.

## સુરત જિલ્લા ન્યાયાલયની DCMS સમિતિનું ગઠન

સુરતઃ હાઈકોર્ટના નિર્દેશ મુજબ જિલ્લા સ્તરે NCMSના બેઝલાઇન રિપોર્ટના અમલીકરણને સરળ બનાવવા માટે જિલ્લા કોર્ટ મેનેજમેન્ટ સિસ્ટમ્સ (DCMS) સમિતિનું પુનર્ગઠન કરવામાં આવ્યું છે. જેના અધ્યક્ષ પ્રિન્સિપલ જિલ્લા જજ તેમજ જજ કે.એન. પ્રજાપતિ, એસપી મહેતા, જિલ્લા સરકારી વકીલ, જિલ્લા કલેક્ટર, પોલીસ કમિશનર સહિત ૧૯ સભ્યોની નિમણૂક કરવામાં આવી છે. જેમાં સભ્ય તરીકે સિનિયર વકીલ જતીન ગાંધી, પી ટી. રાણાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.